# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫૧ તા.૩૦-૧-૧૫

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે :-

**વિષયઃ- અનુસૂચિત જન જાતિ તથા અપંગ વિદ્યાર્થીઓની સને ૨૦૧૪-૧૫ના વર્ષ માટેની શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયના નાણાની ચૂકવણી અંગે.**

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે અનુસુચિત જન જાતિ અને અપંગ વિદ્યાર્થીઓને વર્ષ - ૨૧૪-૧૫ની શિષ્યવૃત્તિ/ ગણવેશ સહાયની સહાયની રકમ આપની શાળાના બેંક ખાતામાં જમા કરાવવામાં આવેલ છે. તો આપની શાળામાં મોકલવામાં આવેલ શાળા હુકમમાં જણાવેલ રકમ પ્રમાણે શિષ્યવૃત્તિના નાણાં બેંક મારફત વિદ્યાર્થીઓને તેમના બેંક ખાતામાં જમા કરાવશો. <u>કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને રોકડમાં નાણાં ચૂકવવાના નથી.</u> વિદ્યાર્થીઓને નાણાં બેંકમાં ચૂકવો પરંતુ પહોંચપત્રક (ત્રણ નકલ)માં વાલી તથા વિદ્યાર્થીઓની સહી અવશ્ય લેશો. પહોંચપત્રકની બે નકલ શિષ્યવૃત્તિ વિભાગ ખાતે તથા એક નકલ શાળા દફતરે રાખશો અને ઉપરોક્ત જણાવેલ જાતિ અને વર્ષનો હિસાબ સમયસર પુરો કરી દેશો. <u>હવેથી શિષ્યવૃત્તિના વધેલ નાણાં ફક્ત ચેકથી જ પરત રવાના રહેશે. ચેક ‘શાસનાધિકારી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ’ના નામનો લખવાનો રહેશે. કોઈપણ સંજોગોમાં રોકડમાં નાણાં પરત જમા લેવામાં આવશે નહીં.</u>

આ સાથે આપને આપની શાળાનો શાળા હુકમ તેમજ ઉપર જણાવેલ જાતિના મંજૂર કરેલ દરખાસ્ત પત્રક મોકલી આપવામાં આવે છે. છતાં પણ ઘણી બધી શાળાઓ શિષ્યવૃત્તિનો હુકમ મોકલવામાં આવેલ હોવા છતાં મળેલ નથી અથવા તો ખોવાઈ ગયેલ છે. તેમ જણાવી વારંવાર ડુપ્લીકેટ શાળા હુકમની માંગણી કરે છે. આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તેમજ કામગીરી બેવડાય નહી તે માટે આપની શાળાનો શિષ્યવૃત્તનો શાળા હુકમ સાચવીને શિષ્યવૃત્તિની ફાઈલમાં દફતરે રાખશો.

વધુમાં ચાલુ વર્ષથી(૨૦૧૪-૧૫) ધોરણ ૬ થી ૮ની અનુસુચિત જનજાતિની કન્યાઓને રૂા.૭૫૦/- શિષ્યવૃત્તિ મળવાપાત્ર છે. તેથી પત્રક નંબર-૨માં સમાવેશ કરેલ ધોરણ ૬ થી ૮ની ફક્ત કન્યાઓને રૂા.૭૫૦/- પ્રમાણે શિષ્યવૃત્તિ ચૂકવશો.

તા.૩૦-૦૧-૧૫

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ